

# સદ્ગુરુ સંત પૂનમદાદા !

કાળની ગતિ આંબી ગયા...
સ્મૃતિમાં શાશ્વત બિરાજી રહ્યા.
જીવન સદા સાધનામય
પ્રત્યક્ષની નિષ્ઠા થઈ
યોગીકૃપાએ સ્વામિનારાયણ સર્વોપરી માન્યા
તે આજે પ્રગટ સાહેબજીમાં
પલવારમાં ચરણે જીવન સમર્પિત થઈ ગયાં
દેહના સંબંધોથી ઉપર ઊઠી ગયા
આત્મ સંબંધે સાધનામય જીવતા રહ્યા
સાધુ બની ગયા... સેવક બની રહ્યા.
અહંશૂન્ય બની દાસત્વ દીપાવ્યું
'હું' ટળ્યું... સાહેબજીમાં ઓગળી ગયા
સંબંધી સર્વના દાસ બની સેવારત રહ્યા
જીંદગીના છેલ્લા શ્વાસને દિવ્ય બનાવી લીધો
સંપ સુહૃદભાવ એકતા આત્મસાત્ કરી લીધાં
પ્રેમલભાવ... નમ્રભાવ... માહાત્મ્ય, સંબંધી પ્રતિ છલકાવી રહ્યા.
સંબંધી સૌ મારાં... સાહેબનાં તે બહુ મોટાં
તે ભાવે સૌને નમતા રહ્યા... વંદન ધરતા રહ્યા.
સાહેબજીનાં સંબંધી તે સૌ સ્વામિનારાયણ
તે સૌ મારાં તે ભાવે વંદન કરતા રહ્યા
બ્રહ્મભાવે જીવતા રહ્યા... જીવનથી ઉપદેશ દેતા રહ્યા.
અપેક્ષા રહિત જીવન... ઉપેક્ષાને સ્વીકારી લીધી
સૌ મારા પ્રભુનાં... સૌ બહુ મોટાં તે માની જીવી લીધું
આદર્શ કર્મવીર... કર્મયોગની સાધના કરી દિવ્ય બન્યા
તે માર્ગે જે આવી મળ્યા તેમને પ્રભુ દેતા રહ્યા.
પ્રગટ પ્રત્યક્ષની નિષ્ઠા દૃઢ કરાવી શુદ્ધ ઉપાસના સમજાવતા રહ્યા
આ પરમ ભાગવત સંતને અનંત પ્રણામ કોટિ વંદન !
અમારા હૃદયે સાહેબજીના પરમ પ્રકાશરૂપે અખંડ રહેજો !
સૌના હૃદયે સાધનાનો દિવ્ય પ્રકાશ દેતા રહેજો !

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૧૧.૧૦.૨૦૨૦